
# વાઘ મામાનો બગીચો



બાલમિત્રો, તમે સાચા બોલા હરણની વાર્તા વાંચી હશે કે સાંભળી હશે. તમને ખબર છે ને વાર્તા. હરણી જંગલમાં ચરતી હતી અને દૂરથી એક ભૂખ્યો વીજુ વાઘ શિકાર માટે ફરતો ફરતો આવી ચઢ્યો. તેની નજરે પેલી હરણી પડી. તેના મોંમા પાણી આવી ગયું. તેને થયું કે હાશ ! આખરે મારો શિકાર મને મળી ગયો. ધીમે ધીમે ચાલતો આ વીજુ વાઘ હરણીની સામે આવી ગયો. હરણી તો બિચારી ડરના માર્યા ફફડવા લાગી. તેને થયું કે ખલાસ હવે મારું આવી બન્યું. વાઘ બરાબર તેની સામે આવીને ઊભો રહ્યો. હરણી નાસી ન ગઈ પણ હિંમત એકઠી કરીને વીજુ વાઘને વિનંતી કરવા લાગી, " આપ મારો શિકાર કરી તમારી ભૂખને સંતોષશો પણ મારી એક વિનંતી છે જો આપ સ્વીકારો તો. " વીજુ વાઘને તો કકડીને ભૂખ લાગી હતી. તેણે કહ્યું, " જલદી જલદી બોલ. હું બહુ જ ભૂખ્યો છું. " હરણી બોલી, " જો તમને મારામાં વિશ્વાસ હોય તો મને એક વખત મારાં નાનાં નાનાં બાળકોને મળી આવવા દો. હું હમણાં ગઈ અને હમણાં પાછી આવી. પછી તમે મારો શિકાર કરજો. " વીજુ વાઘ વિચારવા લાગ્યો કે શિકારનો આવો સરસ લાગ કેવી રીતે જવા દેવાય ? છતાં તેને હરણીના શબ્દો પર વિશ્વાસ આવ્યો. તેણે કહ્યું, "તું સાચું બોલે છે ? " "હા, હું ક્યારેય ખોટું નથી બોલતી. તમે મારામાં વિશ્વાસ રાખો. હું જઈને તરત જ પાછી આવું છું. " વીજુ વાઘે તેને જવાની રજા આપી.

હરણી ઘરે ગઈ તો નાનાં નાનાં બે બચ્ચાં કૂદકા મારતા તેને વીંટળાઈ ગયાં. હરણીની આંખમાં આંસુ આવી ગયાં. પેલા બચ્ચાં આ આંસુ જોઈને તેને પૂછવા લાગ્યા, "મા, મા, તું કેમ રડે છે ? તને કંઈ થયું છે ? " "ના, મારા વહાલાં બાલુડાં, મને કંઈ નથી થયું, "

હરણી બોલી. તો બેમાંથી એક ચતુર બચ્ચું બોલ્યું, " કંઈ પણ હોય, તું દુ:ખી છે. અમે તને દુ:ખી નથી જોઈ શકતાં." હરણીએ બધી વાત બચ્ચાંને કહી. બંને બચ્ચાં બોલ્યાં, " મા, તું જ ન હોય તો અમારું કોણ ? અમે પણ તારી સાથે આવીએ છીએ. એ વાઘ મામા ભલે અમારો પણ શિકાર કરી લે. " હરણી ચોધાર આંસુએ રડી પડી. બચ્ચાંએ જીદ પકડી અને એમ એ હરણી અને બે બચ્ચાં જંગલમાં રાહ જોતા વીજુ વાઘ પાસે આવી પહોંચ્યાં.

વીજુ વાઘ તો ખુશ થઈ ગયો. આજે તો એક નહીં પણ ત્રણ ત્રણ શિકાર મળ્યા. હરણી અને બે બચ્ચાં વીજુ વાઘ આગળ આવી ઊભા રહ્યાં, બન્ને બચ્ચાં એકી સાથે બોલ્યાં, "વાઘ મામા, અમને તમે ખાઈ જાઓ અને અમારી મા ને છોડી દો. " આ સાંભળી હરણી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. વીજુ વાઘે વિચાર કર્યો કે મા માટે બચ્ચાં મરવા તૈયાર છે અને મા પણ કેવી સાચા બોલી ! મને કહીને ગઈ ત્યારે વિશ્વાસ ન હતો કે તે પાછી આવશે. દરેકને પોતાનો જીવ વહાલો હોય. પરંતુ આ તો વચનની પાક્કી હરણી. વીજુ વાઘે હરણીની આંખોમાંથી આંસુ પડતાં જોયાં. તેને દયા આવી ગઈ. વીજુ વાઘે કહ્યું, "જા, બહેન જા, તારા જેવા સાચા બોલા પ્રાણીઓ બહુ ઓછાં હોય છે."

બંને બચ્ચાં ખુશ ખુશ થઈ ગયાં. તે તો વાઘ મામાના ગળે અને શરીરે પોતાનું શરીર ઘસીને ખુશી બતાવવા લાગ્યાં. પછી પેલું હોંશિયાર બચ્ચુ વાઘ મામાની આગળ આવી લાડ કરતાં કહેવા લાગ્યું, "તમે તો અમારા મામા છો, તો ચાલો ને અમારી સાથે. તમારાં બચ્ચાંને પણ બોલાવી લો. અમે સાથે રમીશું. તમારા માટે સરસ ઘર અમારા ઘરની પાસે બનાવીશું." વીજુ વાઘ હસવા લાગ્યો. પણ તેને બચ્ચાની નિર્દોષતા અસર કરી ગઈ. તેણે કહ્યું, "ચાલો હું પણ મારા પરિવાર સાથે તમારો પડોશી બનીશ. " પછી તેણે વાઘણ અને બચ્ચાંને બોલાવ્યાં. તેમને બધી વાત સમજાવી અને બધાં હરણીના ઘર તરફ ચાલ્યાં. વાઘ-વાઘણી અને હરણ-હરણીએ સાથે મળી વાઘ મામાનું ઘર તૈયાર કર્યું. બંને ઘરની આગળ સરસ બગીચો બનાવ્યો. અને ત્યાર પછી હરણનાં બચ્ચાં અને વાઘનાં બચ્ચાં સાથે દરરોજ રમતાં. કોઈને કોઈનો ડર ન હતો. બધાં સંપથી રહેવા લાગ્યાં. જંગલમાં આ એક અદ્દભૂત ઘટના બની. વાઘ મામાએ હરણ-હરણીનાં બચ્ચાંનું રક્ષણ કરવાની જવાબદારી લીધી. અને પછી બધાંએ ખાધું-પીધું અને મજ્જા કરી....

- અનંત શુક્લ